

નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે તે દેખવું છોડી દે અને વસ્તુને દેખ ! આ તારે કરવાનું છે. નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છો ઇ તને રોગ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૮
સં. ૨૦૫૪ [૬૬૦] * **આત્મધર્મ** * [અંક-૪ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૪
ઓક્ટોબર–૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યહ જીવ દ્રવ્યલિંગકા ધારક મુનિપના હોતે હુએ ભી જો તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈં ઉનમેં એક પરમાણુપરિમાણ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈ કિ જહાં જન્મ–મરણ ન કિયા હો. ૫૨૧.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૩૩)*

❀ જે જીવ સ્થિર થઈને પોતાના સ્વરૂપને અનુભવશે તે જીવનું ચિત્ત વનની વચ્ચે પણ શાંતરસથી ભરાઈ જશે ને તે આનંદિત થશે; ભ્રાંતિરૂપ ઘનઘોર સંસારવનથી તે છૂટી જશે ને તેને મોક્ષસુખનો લાભ થશે. ૫૨૨.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક–૮૦)*

❀ ભેદજ્ઞાનીના ચિત્તમાં, શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વ જગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બન્ને નેત્ર રહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સૂતેલું, અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહઠગોએ પોતાને આધીન કરેલું, વ્યાકુળ થયેલું જણાય છે. ૫૨૩.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ–૬, શ્લોક–૨)*

❀ ધન, પરિજન (દાસ–દાસી), સ્રી, ભાઈ ઔર મિત્ર આદિકે મધ્યમેંસે જો ઇસ પ્રાણીકે સાથ જાતા હૈ ઐસા યહ એક ભી કોઈ નહીં હૈ. ફિર ભી પ્રાણી વિવેકસે રહિત હોકર ઉન સબકે વિષયમેં તો અનુરાગ કરતે હૈં, કિન્તુ ઉસ ધર્મકો નહીં કરતે હૈં જો કિ જાનેવાલેકે સાથ જાતા હૈ. ૫૨૪. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૯)*

❀ હે ભાઈ ! મોટા કુળમાં ઊપજેલા પુરુષોનો કે કોઈનો પણ ઉપહાસ કરવો અયુક્ત છે,—તો પછી આ તે કેવી રીત છે કે સ્વધર્મીનો પણ ઉપહાસ કરો છો ? ૫૨૫.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૬૧)*

❀ અહીં કામ, અર્થ અને યશ માટે કરવામાં આવેલો પ્રયત્ન ભાગ્યવશ કદાચ નિષ્ફળ પણ થઈ જાય છે. પરંતુ પાત્રજનના અભાવમાં પણ હર્ષપૂર્વક દાનના અનુષ્ઠાનમાં કરવામાં આવેલો કેવળ સંકલ્પ પણ પુણ્ય કરે છે. ૫૨૬. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિકા, દાન અધિકાર શ્લોક–૨૭)*

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૫
અંક-૪
[૬૬૦]

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
Oct.
A.D. 1998

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## નિશ્ચય-વ્યવહારનો સુમેળ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ છે. બીજા અધિકારની ૧૩મી ગાથા છે.

જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને પોતાથી નિર્વિકલ્પરૂપ દેખે છે અથવા તત્ત્વાર્થશ્રદ્ધાનની અપેક્ષાએ ચંચળતા અને મલિનતા તથા શિથિલતાનો ત્યાગ કરીને શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચય કરે છે, વીતરાગ સ્વસંવેદનલક્ષણ જ્ઞાનથી જાણે છે અને બધાં રાગાદિ વિકલ્પોના ત્યાગથી નિજસ્વરૂપમાં સ્થિર થાય છે તે નિશ્ચયરત્નત્રયથી પરિણત થયેલ પુરુષ-જીવ જ મોક્ષનો માર્ગ છે. ટૂંકમાં, નિશ્ચયરત્નત્રયરૂપે પરિણમેલો જીવ જ મોક્ષનો માર્ગ છે.

ગાથામાં, આત્માને पेच्छइ એટલે અવલોકવો તે સમ્યગ્દર્શન છે એમ કહ્યું, આ સાંભળીને શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે હે પ્રભો ! તત્ત્વાર્થશ્રદ્ધાનરુચિરૂપ સમ્યગ્દર્શન તે મોક્ષનો માર્ગ છે તેમાં તો દોષ નથી પણ આપે તો કહ્યું કે, દેખવું તે દર્શન, જાણે તે જ્ઞાન અને આચરણ કરે તે ચારિત્ર છે, તો આ દેખવારૂપ દર્શન મોક્ષનો માર્ગ કેવી રીતે હોઈ શકે ? 'દેખવું' તો અભવિને પણ હોય છે પણ તેને મોક્ષનો માર્ગ તો હોતો નથી. ચક્ષુદાન, અચક્ષુદર્શન આદિથી અભવિને પણ 'દેખવું' તો થાય છે પણ તેને મોક્ષમાર્ગ થવો ભગવાને કહ્યો નથી. શાસ્ત્રમાં તો એ નિશ્ચયથી કહ્યું છે કે, અભવિને મોક્ષ થતો જ નથી, તેથી તેને મોક્ષનો માર્ગ પણ ન હોય. છતાં દેખવારૂપ દર્શન વડે મોક્ષમાર્ગ તેને માનીએ તો આગમથી વિરૂદ્ધ માન્યતા થાય માટે આપ સમાધાન કરો.

જુઓ ! આ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યગ્દર્શનની જ વાત છે. વ્યવહાર-સમ્યગ્દર્શનની વાત અહીં કરી નથી.

પ્રશ્ન સમજાયો ? ગુરુએ 'દેખવું' તે 'દર્શન' કહ્યું, તેથી શિષ્યનો પ્રશ્ન છે કે, દેખવું તો અભવિને પણ છે અને મોક્ષમાર્ગ તો તેને હોતો નથી, તો આ ક્યાં પ્રકારના દર્શનને તમે મોક્ષમાર્ગ કહો છો ? એમ પ્રશ્ન છે તેનું સમાધાન આમ છે કે, અભવ્યોને જે દેખવારૂપ દર્શન છે તે તો માત્ર બાહ્યપદાર્થોનું જ છે, અંતરંગ શુદ્ધાત્મતત્ત્વનું દર્શન અભવ્યોને હોતું નથી. તેને મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં નથી અને શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન પણ તેને નથી અને ચારિત્રમોહના ઉદયથી વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માનું સત્તાવલોકન પણ તેને નથી.

ચક્ષુ અને અચક્ષુદર્શન વડે અભવિને માત્ર બાહ્યપદાર્થોનું અવલોકન થાય છે પણ સ્વશુદ્ધાત્માનું અવલોકન તો તેનાથી થતું નથી. વળી શુદ્ધાત્મા જ —નિર્મળજ્ઞાયકભાવ જ—પરમાનંદ સ્વરૂપ શુદ્ધસ્વભાવ જ ઉપાદેય અને અંગીકાર કરવા લાયક છે. એવી રુચિરૂપ સમ્યગ્દર્શન અભવિને હોતું નથી. શુદ્ધાત્માની રુચિવંતને જ અંતરંગ દર્શન થાય છે. શુદ્ધાત્મા જ આદરવાલાયક છે એમ અભવિને શ્રદ્ધામાં બેસતું નથી. શરીર અને પુણ્ય-પાપના વિકલ્પ હેય છે, એક જ્ઞાયકભાવ જ ઉપાદેય છે એમ અભવિને બેસતું નથી તેથી તેને આત્મદર્શન હોતું જ નથી. ભવ્યજીવને જ નિશ્ચય સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી હોય છે.

અભવિને ચારિત્રમોહનો ઉદય પણ હોવાથી વીતરાગ ચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્માનું સત્તાવલોકન પણ ક્યારેય થતું નથી.

તાત્પર્ય એ છે કે, નિશ્ચયથી અભેદરત્નત્રય પરિણત થયેલો નિજ શુદ્ધાત્મા જ મોક્ષનો માર્ગ છે. ખરેખર, પોતાના અંતરશુદ્ધ સ્વભાવની રુચિ, સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને શુદ્ધસ્વરૂપમાં લીનતારૂપે થયેલો આત્મા પોતે જ મોક્ષનો માર્ગ છે. આ શૈલીની વાત આગળ ૩૪ મી ગાથા આવે છે તેમાં પણ આ જ વાત છે.

દ્રવ્યસંગ્રહમાં પણ આવી જ સાક્ષીભૂત ગાથા કહી છે. તેનો અર્થ એ છે કે, રત્નત્રય આત્મા સિવાય અન્ય દ્રવ્યોમાં રહેતાં નથી તેથી મોક્ષનું કારણ આ ત્રણ રત્નમય નિજ આત્મા જ છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં પણ રત્નત્રય રહેતાં નથી.

શ્રોતા :—દેવ-શાસ્ત્ર-ગુરુમાં અમારાં રત્નત્રય રહેતાં નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દેવ-શાસ્ત્ર-ગુરુ પાસે તો તમારા રત્નત્રય નથી પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં પણ રત્નત્રય નથી. કેમકે એ પણ વિકલ્પ છે. વિકલ્પમાં કે રાગમાં રત્નત્રય વસતાં નથી.

શ્રોતા :—વ્યવહારરત્નત્રય નિશ્ચયનું સાધન છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ છોડીને અંતરમાં નિશ્ચયરત્નત્રય પ્રગટ કરે તો વ્યવહારને ઉપચારથી સાધન કહેવાય. હમણાં જ ૧૪મી ગાથામાં આ વાત આવશે.

શુદ્ધચૈતન્ય સ્વરૂપ તત્ત્વમાં જ બધી શક્તિઓ રહેલી છે તેની અંતરદૃષ્ટિ અને એકાગ્રતા દ્વારા રત્નત્રયપરિણતિએ પરિણમતો આત્મા જ મોક્ષનું કારણ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધામાં રત્નત્રય વર્તતા નથી—હોતાં નથી.

આ ૧૩મી ગાથા થઈ. હવે ૧૪મી ગાથામાં ભેદરત્નત્રયસ્વરૂપ વ્યવહાર છે તે પરંપરા મોક્ષનો માર્ગ છે એમ દર્શાવે છે.

जं बोल्लइ व्यवहारु-णउ दंसणु णाणु चरित्तु ।
तं परियाणहि जीव तुहुँ जे परु होहि पवित्तु ॥१४॥

હે જીવ ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગના સાધક એવા વ્યવહાર-મોક્ષમાર્ગને જાણ ! કે જેના જાણવાથી તું ઉત્કૃષ્ટ અર્થાત્ પવિત્ર થાય.

ભાવાર્થ :—હે જીવ ! તું તત્ત્વોનું શ્રદ્ધાન, શાસ્ત્રોનું જ્ઞાન અને અશુભક્રિયાઓના ત્યાગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વ્યવહારમોક્ષમાર્ગને જાણ ! જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર થઈશ.

જુઓ ! વ્યવહારમોક્ષમાર્ગને 'જાણ' એમ કહે છે તેને આદરવાનું કહેતા નથી કેમ કે તે સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, પરંપરા કારણ છે. ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા કે જે રાગરહિત છે તે જ ખરો મોક્ષનો માર્ગ છે તેની સાથે સાધક તરીકે—નિમિત્ત તરીકે વ્યવહારમોક્ષમાર્ગ સાથે હોય છે. તે કેવો હોય છે તેનું વર્ણન કરે છે. ૧૩મી ગાથામાં નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો અને અહીં ૧૪મી ગાથામાં નિશ્ચયની સાથે રહેતાં વ્યવહારમોક્ષમાર્ગનું કથન છે. ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પૂર્વે વ્યવહાર વિકલ્પ હોય છે અને સાથે પણ હોય છે તેથી નિમિત્ત તરીકે તેને સાધન કહ્યાં છે. મૂળ તો નિશ્ચયથી જ મોક્ષ થશે પણ વિકલ્પનો અભાવ કરીને નિશ્ચય થાય છે તેથી પરંપરાએ વ્યવહારથી મોક્ષ થશે એમ કહેવાય છે.

આ, નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવના કહેલાં છ દ્રવ્યો, સાત તત્ત્વ, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય આદિનું શ્રદ્ધાન, તેના સ્વરૂપનું જ્ઞાન, શુભક્રિયાનું આચરણ આ વ્યવહાર-મોક્ષમાર્ગ છે. જોયું ! વ્યવહાર પણ આવો હોય. કારણ કે, જીવદ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે, એક સમયમાં સહજપણે પોતાને જાણતાં સર્વને જાણે. આવો સ્વભાવ હોવાથી પહેલાં વિકલ્પાત્મક જ્ઞાનમાં પણ તેને ભગવાને કહેલાં છ દ્રવ્યાદિનું જ્ઞાન હોવું જોઈએ. એકલો આત્મા—આત્મા કર્યા કરે છે એમ ન ચાલે. વિકલ્પાત્મક જ્ઞાનમાં એને છએ દ્રવ્યોનું જ્ઞાન હોવું જોઈએ. પછી તે વ્યવહારને પણ છોડીને એકલા નિશ્ચયને પામે તેને મોક્ષમાર્ગ કહે છે.

જેને આવી વ્યવહાર શ્રદ્ધા પણ નથી તે તો નિશ્ચયને કદી પામી ન શકે એટલું બતાવવા અહીં વ્યવહારને સાધક કહ્યો છે. જેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છે, એક જ આત્મા છે, જગતમાં બીજું કાંઇ નથી એવું માને છે તે માન્યતાને વ્યવહાર કહેવાતો નથી. વીતરાગ ભગવાને કહેલાં છ દ્રવ્ય, સાત તત્ત્વાદિની શ્રદ્ધા અને જ્ઞાન જ નિશ્ચય-મોક્ષમાર્ગનું વ્યવહાર સાધન થઈ શકે છે.

જીવનો જ્ઞાનનો પર્યાય જ એવો છે કે છ દ્રવ્યને જાણવાની તાકાતવાળો છે. પરલક્ષી જ્ઞાનની પર્યાયમાં પણ એટલી તાકાત છે પણ તે વિકલ્પવાળું જ્ઞાન છે, તેમાંથી એક આત્માને તારવીને નિર્વિકલ્પ કરવો તેનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થઈ શકે ત્યાં સુધી એને છ દ્રવ્યની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને રાગની મંદતાનો જ વિકલ્પ હોય. અશુભરાગનો પુરુષાર્થ છૂટીને, શુભરાગનો પુરુષાર્થ છે. કુદેવ-કુગુરુની શ્રદ્ધા છૂટીને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે. બીજાઓએ અનંત તત્ત્વો ઊંધા કહ્યાં છે તેની શ્રદ્ધા-જ્ઞાનનો રાગ છૂટી ગયો છે પણ સાચા તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાનનો રાગ છે.

વસ્તુ જ એવી મહાન ઉત્કૃષ્ટ છે કે તેની પરલક્ષવાળી પર્યાય પણ છ દ્રવ્યને જાણવાની તાકાત ધરાવે છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવંતની ભૂમિકામાં આવા જ વિકલ્પો નિમિત્તરૂપે હોય, બીજી જાતના વિકલ્પો ન હોય, એ બતાવવા તેને 'સાધક' તરીકેનો આરોપ કરવામાં આવ્યો છે.

કાલે દાખલો આપ્યો હતો કે, સુવર્ણ પોતાની મેળે જ પથ્થરથી જુદું પડે છે પણ તેમાં નિમિત્ત તરીકે અગ્નિ છે તેથી અગ્નિ વડે સોનું પથ્થરથી જુદું પડી ગયું એમ કહીને નિમિત્તનું જ્ઞાન કરાવાય છે. નિશ્ચયથી તો સોનું પોતે જ છૂટું પડતું પડતું સોળવલું શુદ્ધ થાય છે પણ તેમાં નિમિત્ત તરીકે અગ્નિ જ હોય, બીજું કાંઇ ન હોય. તેમ નિશ્ચય

રત્નત્રયની સાથે દેવ-ગુરુની શ્રદ્ધા, સાત તત્ત્વ, છ દ્રવ્યની શ્રદ્ધા, શાસ્ત્રજ્ઞાન, મંદરાગરૂપ વિકલ્પ જ નિમિત્તરૂપ હોય, બીજાં વિકલ્પ ન હોય એમ કહીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યુંછે.

શુદ્ધાત્માને શ્રદ્ધામાં તોળનાર નિશ્ચયની સાથે છ દ્રવ્યને તોળે એવો વિકલ્પ જ હોય-બીજો ન હોય. નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં તો મહાન મહાન એવા સ્વ દ્રવ્યને તોળ્યો છે તેની ભૂમિકામાં વ્યવહાર વિકલ્પ પણ છ દ્રવ્યના શ્રદ્ધા, જ્ઞાન અને કષાયની મંદતા કરે એવા હોય છે માટે તે વિકલ્પને સાધક ગણવામાં આવ્યા છે પણ. નિશ્ચયથી તો તે કાળે પોતાના સ્વરૂપનું સાધન જ નિશ્ચયનું સાધક થાય છે. સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જ સાધક છે તેની સાથે વિપરીત શ્રદ્ધા-જ્ઞાન તેની ભૂમિકામાં હોય જ નહિ. જેવું સિદ્ધનું સ્વરૂપ છે એવું જ સંસારીનું સ્વરૂપ છે. તે જે રીતે છે તે જ રીતે તેની વિકલ્પાત્મક શ્રદ્ધામાં વર્તે છે. સિદ્ધ થયા પછી પણ જીવ અવતાર લે છે એવી વિપરીત શ્રદ્ધા તેને ન હોય.

નિશ્ચયની સાથેનો આવો વ્યવહાર બતાવીને ભગવાને બીજાં ઊંધા ભાવોનો નિષેધ કર્યો છે. પણ વ્યવહારને શુદ્ધ કહ્યો નથી. વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયની સાથે વ્યવહાર છે તેને સાધક કેમ કહ્યો તેની આ વ્યાખ્યા ચાલે છે. બાકી શુદ્ધિ તો સ્વદ્રવ્યના આશ્રયે જ છે. વ્યવહારના આશ્રયે શુદ્ધિ નથી.

આખો ચૈતન્યપદાર્થ જે દૃષ્ટિમાં આવ્યો કે જેમાં ગુણોનું અપારપણું છે—શક્તિઓનો પાર નથી એવા આખા પદાર્થને નિર્વિકલ્પ દૃષ્ટિમાં લીધો, સ્વસંવેદનથી જાણ્યો, સ્થિરતાએ રમ્યો એ જ ખરેખર એક મોક્ષમાર્ગ છે તે નિશ્ચય છે. છ દ્રવ્યાદિની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને તો વ્યવહાર તરીકે સાધક કહ્યાં છે, નિશ્ચયથી તે સાધક નથી.

જ્ઞાનીને જોર તો સ્વભાવ તરફનું જ છે. વ્યવહાર વિકલ્પનું જોર નથી. પણ વિકલ્પ આ નિશ્ચયને અનુરૂપ જ હોય. બધાં આત્મા એક જ છે અને બધાં ધર્મ એક જ છે એવા વિપરીત વિકલ્પો તેને ન હોય. છ દ્રવ્યનું જ્ઞાન કરે છે તેમાં અનંતા સિદ્ધો છે, અનંતા નિગોદના જીવો છે, ચાર ગતિ છે એ પ્રકારનું બધું સામાન્ય જ્ઞાન આવી જાય છે. વિશેષ ખ્યાલ ન હોય પણ સત્યથી વિરૂદ્ધ તેનું જ્ઞાન ન હોય—એવી મર્યાદાછે.

શ્રોતા :—વ્યવહારને નિશ્ચયનો સહાયક ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારથી તેને નિશ્ચયનો સહાયક કહેવાય પણ ખરેખર સહાયક નથી. વ્યવહારનું કથન જ એવું હોય છે જેમ કે, 'સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્ગલને ધર્માસ્તિકાય ગતિમાં સહાયક છે' પણ તેનો અર્થ શું ? શું તે જીવ-પુદ્ગલને

ગતિનો સ્વકાળ ન હતો ? તે સ્વયં ગતિ કરતાં ન હતાં ? શું ધર્માસ્તિકાયની સહાયથી ગતિ કરવા લાગ્યા ?—ના. જીવ-પુદ્ગલ સ્વયં જ ગતિ કરે છે. એ જ રીતે દ્રવ્યના દરેક પરિણમનમાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ સમજવા. વસ્તુસ્થિતિ જ આવી છે તેમાં ખેંચી-તાણીને કાંઇ ફેરફાર ન કરી શકાય.

સર્વજ્ઞને સિદ્ધ (સાબિત) કરવા જાય તો આ રીતે જ વસ્તુસ્થિતી ઊભી થાય છે—બીજી રીતે થતી જ નથી. સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય તેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે અને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તેને નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થાય છે તેની સાથે જેટલો રાગ રહી જાય છે તેને તેનું જ્ઞાન માત્ર જાણે છે. ધર્મીનું જ્ઞાન નિશ્ચયને નિશ્ચય જાણે છે, વ્યવહારને વ્યવહાર જાણે છે અને બાહ્ય નિમિત્તને નિમિત્ત તરીકે જાણે છે અને સર્વજ્ઞ ભગવાન પણ તેને એમ જ જાણે છે. આ જ રીતનો મેળ છે. બીજી રીતે મેળ હોતો જ નથી. જેટલો નિશ્ચય જ્ઞાનીને પ્રગટ થયો છે અને જેટલો રાગ બાકી રહ્યો છે અને જેટલાં કર્મોનો અભાવ થયો છે તેને ભગવાન એ રીતે જ જાણે છે અને તે જીવ પોતે પણ જેમ છે તેમ જ્ઞાન કરે છે. જેવું આને બેઠું છે એવું જ કેવળી જાણે છે. જો આ વાત બેસે તો બધી ઘડ બેસી જાય.

સર્વજ્ઞે ષટ્દ્રવ્યોનું જેવું સ્વરૂપ જાણ્યું છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે એમ ધર્મી જાણે છે એવો તેના જ્ઞાનનો ઉઘાડ હોય છે અને સાથે વિકલ્પ પણ એવો જ હોય છે. તે પરાશ્રિત વિકલ્પને વ્યવહારમોક્ષમાર્ગ કહેવાય છે.

ખરેખર જે મોક્ષમાર્ગ નથી તેને મોક્ષમાર્ગ કહેવો તેનું નામ વ્યવહાર છે. ખરેખર જે મોક્ષમાર્ગ છે તેને મોક્ષમાર્ગ કહેવો તે નિશ્ચય છે. સર્વજ્ઞથી નક્કી કરે કે પોતાથી નક્કી કરે પણ મોક્ષમાર્ગનું સ્વરૂપ આ રીતે જ ઊભું થશે. સ્વાશ્રય થયો તે નિશ્ચય છે ત્યારે પરાશ્રિતભાવ છે તે વ્યવહાર છે. ભગવાન એક સમયમાં સ્વભાવ, નિયત, પુરુષાર્થ, ક્રમબદ્ધ અને નિમિત્તને જેમ છે તે તેમ જાણે છે એમ જ પોતાના જ્ઞાનથી નિર્ણય કરનારને પાંચેય સમવાય નક્કી થાય છે.

નિશ્ચય હોય ત્યાં વ્યવહારની ભૂમિકા હોય છે પણ વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોય-એમ નથી. નિશ્ચયપૂર્વકનો વ્યવહાર હોય તેને જ સાચો વ્યવહાર કહેવાય છે. વસ્તુ આમ છે. લખાણ ભલે ગમે તે આવે પણ વસ્તુસ્થિતિ આમ છે.

નિજ શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું આચરણ આ નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સાધ્ય છે અને વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે. નિશ્ચયમોક્ષમાર્ગ મૂળ વસ્તુ છે. છ દ્રવ્યની શ્રદ્ધા, છ દ્રવ્યનું જ્ઞાન અને તે સંબંધી રાગની મંદતા એ

વ્યવહારમોક્ષમાર્ગ છે તે સાધક છે.

આ સાંભળી શિષ્યે પ્રશ્ન કર્યો કે, હે પ્રભો ! નિશ્ચયમોક્ષમાર્ગ જે નિશ્ચયરત્નત્રય તે તો નિર્વિકલ્પ છે અને વ્યવહારરત્નત્રય તો વિકલ્પસહિત છે તો આ વિકલ્પદશા નિર્વિકલ્પપણાનું સાધન કેવી રીતે થઈ શકે ? માટે તેને સાધક ન કહો. સાધક અને સાધ્ય શબ્દ ઉપરથી શિષ્યને પ્રશ્ન ઉઠ્યો છે કે વ્યવહારને તમે સાધક એટલે મદદગાર, સહાયક કહો છો પણ તે તો રાગવાળી દશા છે. તેનાથી વીતરાગદશાની સાધના શી રીતે થઈ શકે ? આમ શિષ્યના નામે ટીકાકારે સ્વયં પ્રશ્ન ઉઠાવ્યો છે. સાધ્યદશા પ્રગટ થાય ત્યારે રાગવાળી દશા તો હોતી નથી તો તેને સાધન કેમ કહેવાય ?

ગુરુ સમાધાન કરે છે કે, ભૂતનૈગમનયથી વ્યવહારને પરમાર્થનું પરંપરા સાધન કહેવાય છે. વિકલ્પને તોડીને નિર્વિકલ્પ થવાય છે તેથી વિકલ્પનું તૂટવું તે નિર્વિકલ્પતાનું કારણ કહેવાય છે. છ દ્રવ્યાદિ સંબંધી વિકલ્પોનું લક્ષ છોડીને નિર્વિકલ્પ થાય છે. વિકલ્પના સહારે નિર્વિકલ્પ થવાતું નથી. વિકલ્પ પહેલાં હતાં અને એ છૂટીને નિર્વિકલ્પદશા થઈ તેથી ભૂતનૈગમનયે વિકલ્પને—વ્યવહારને સાધન કહ્યું છે. જેટલો જેટલો રાગ છે તેને તોડતો આગળ વધતો જાય છે. વિકલ્પનો તો અભાવ કરતો જાય છે માટે, વિકલ્પ ભૂતનૈગમનયે સાધન કહેવાય. બાકી, તેનો તો અભાવ થાય છે તે સાધન કેમ બની શકે ! વર્તમાનમાં રાગ છે તે વીતરાગતાને મદદ કરે છે-એમ નથી. નિર્વિકલ્પ થાય ત્યારે દૃષ્ટિમાં તો રાગ છે જ નહિ પણ પૂર્વમાં રાગ હતો તેનો અભાવ કરીને નિર્વિકલ્પ થયો માટે રાગને સાધક કહેવામાં આવ્યો છે. જે રાગ છે તેને પણ ઘટાડતો ઘટાડતો સ્થિર થતો જશે.

મારગ તો બાપા વીતરાગ છે ભાઈ ! માર્ગ એક જ છે. રાગને તો માત્ર આરોપ કરીને સાધન કહ્યો છે પણ તેનો તો અભાવ થતો જાય છે. આમ, નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે અને વ્યવહાર પરંપરાએ મોક્ષમાર્ગ છે અથવા સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી નિશ્ચયમોક્ષમાર્ગ પણ બે પ્રકારનો છે. 'હું અનંતજ્ઞાનરૂપ છું, શુદ્ધ છું, એક છું, એમ 'સોહમ્' નું ચિંતવન છે તે સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ છે તેને સાધક કહે છે અને જ્યાં કાંઈ ચિંતવન નથી, બોલવાનું નથી, ચેષ્ટા નથી તે નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે.

પોતાના સ્વરૂપ-સંબંધમાં વિકલ્પ ઉઠે છે કે, હું અનંત અપાર જ્ઞાન-દર્શનસ્વભાવ છું, શુદ્ધ છું, એક છું એ બધો વિકલ્પ ઉઠે છે તે આસ્રવ જ છે પણ અપેક્ષાથી તેને સવિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ કહેવાય છે. કેમ કે, સ્વની ભૂમિકામાં પેસતાં આવાં વિકલ્પો પ્રથમ આવે જ છે. અનંત જ્ઞાનરૂપ હું, અનંત આનંદરૂપ હું, અનંત સુખરૂપ હું....એવો

જે સ્વાશ્રિત વિકલ્પ ઉઠે છે તે નિર્વિકલ્પતાનો સાધક છે. આવા વિકલ્પમાંથી ખસીને નિર્વિકલ્પ થઈ જાય છે—સ્વમાં ઠરી જાય છે ત્યારે તે વિકલ્પને સાધક કહેવાય છે. સ્વનો વિકલ્પ છે માટે તેને નિશ્ચય કહ્યો પણ વિકલ્પ હોવાથી તે વ્યવહાર જ છે—રાગ છે. શુદ્ધિ તો નિર્વિકલ્પતામાં જ પ્રગટ થાય છે પણ અતંર ઘોલનમાં જતાં પહેલાં આવી એક દશા ઊભી થાય છે કે જેમાં પરનું માહાત્મ્ય તૂટતું જાય છે અને સ્વનું માહાત્મ્ય આવતું જાય છે. અહા ! અનંત જ્ઞાન ! અનંત આનંદ ! મહાન....મહાન....એમ થાય છે. છ દ્રવ્યનો વિકલ્પ હતો તે પર સંબંધી હતો અને આ પોતા સંબંધી છે માટે તેને નિશ્ચય કહ્યો પણ વિકલ્પ હોવાથી તે પણ વ્યવહાર છે. સ્વસંબંધી વિકલ્પને પણ તોડીને અંદર જવું છે માટે તેને સાધક કહ્યો છે. મહાન ભગવાનની અંદર જવું છે એવા ભાવે વિકલ્પ ઉઠ્યો છે તેથી વિકલ્પ તૂટી જશે અને નિર્વિકલ્પતા પ્રગટ થશે માટે તે વિકલ્પને સાધક કહ્યો પણ વિકલ્પ પોતે તો આસ્રવ છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર કે છ દ્રવ્ય સંબંધી વિકલ્પ પણ છોડીને એકમાત્ર નિજ ચૈતન્યદેવના માહાત્મ્યમાં તેના સંબંધી આવી જાય છે કે અહા ! વસ્તુ આવી ! આવો જે વિકલ્પ ઉઠે છે તેને નિશ્ચયમોક્ષમાર્ગની પહેલી ભૂમિકામાં સાધક કહેવામાં આવ્યો છે. તે વિકલ્પમાંથી ખસીને સ્વરૂપમાં ઠરે છે એવી જે નિર્વિકલ્પ સમાધિ તે સાધ્ય છે. વિકલ્પને કારણે નિર્વિકલ્પતા થઈ નથી, વિકલ્માંથી ખસ્યો ત્યારે નિર્વિકલ્પ થયો છે આવો ભાવાર્થ છે.

શ્રી તત્ત્વસારમાં પણ સવિકલ્પ...નિર્વિકલ્પ મોક્ષમાર્ગના કથનમાં આવી ગાથા છે "ज पुण सगयं....."ઇત્યાદિ તેનો સારાંશ એ છે કે, જે આત્મતત્ત્વ છે તે પણ સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. જે વિકલ્પ સહિત છે તે તો આસ્રવ સહિત છે અને જે નિર્વિકલ્પ છે તે આસ્રવ રહિત છે. અંતરના કાંઠે આવીને 'આ હું આ હું—એવો મહિમાભર્યો વિકલ્પ ઉઠ્યો છે તે સ્વ સંબંધી હોવાથી તેને નિશ્ચય કહેવામાં આવ્યો છે પણ વિકલ્પ હોવાથી આસ્રવ જ છે, પુણ્ય બંધનું કારણ છે. તેનાથી છૂટીને નિર્વિકલ્પ થાય છે ત્યારે નિરાસ્રવ થાય છે. આસ્રવ છે તે સંવર-નિર્જરાનું કારણ થતું નથી.

ભગવાન આત્મા પોતાની વીતરાગી પર્યાયે પરિણમે છે તે એક જ મોક્ષનો માર્ગ છે. તેમાં છ દ્રવ્યાદિ સંબંધી વિકલ્પને વ્યવહારે નિમિત્ત કહ્યાં અને સ્વાત્માસંબંધી વિકલ્પને નિશ્ચય નિમિત્ત કહીને બંનેને સાર્થક કહ્યાં પણ બંને આસ્રવરૂપ છે.

આ રીતે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. બરાબર જાણે તો જ વસ્તુની યથાર્થપણે સિદ્ધિ થાય.

(ક્રમશઃ)

*

# સ્વાનુભવથી જ મોહ જિતાય છે

[શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં.–૬૨)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે તેમાં આસ્રવ અધિકારનું ૧૧મુ પદ્ય ચાલે છે.

જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પ કે ભ્રાંતિ આદિ કાંઈ નથી, જેણે નિર્મળ શ્રદ્ધાનથી રાગ-દ્વેષ-મોહ ત્રણેયને જીતી લીધા છે, તેની દૃષ્ટિમાં તો એક પૂર્ણ આનંદકંદ આત્મા બિરાજે છે તેથી તેને જ્ઞાન અને આનંદનું પરિણમન હોય છે. विमल विलोकनिमैं तीनौ जीति लए हैं। વિમળ એટલે નિર્મળ આત્મ-અવલોકન વડે જ્ઞાનીએ રાગ, દ્વેષ, મોહ ત્રણેયને જીતી લીધા છે. નિર્મળ એવા વસ્તુસ્વરૂપના અવલોકનમાં–શ્રદ્ધામાં– અનુભવમાં રાગ-દ્વેષ-મોહ ત્રણેય જીતાય જાય છે. રાગ-દ્વેષ-મોહ તેની દૃષ્ટિમાં છે જ નહિ.

तजि परमाद, घट सोधि जे निरोधि जोग.....જે પ્રમાદને દૂર કરી, ચિત્તને શુદ્ધ કરી, યોગોનો નિગ્રહ કરી શુદ્ધોપયોગમાં લીન થઈ જાય છે તે જ બંધપરંપરાનો નાશ કરીને, પરવસ્તુનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે અર્થાત્ સિદ્ધ થાય છે.

શું કહે છે ! કે, જેણે અશુદ્ધિને રોકીને, શુદ્ધોપયોગ પ્રગટ કર્યો છે તે મોક્ષગામી જીવ મોક્ષની સમીપ થઈ ગયો છે, તેણે રાગના અનુભવરૂપી ઉત્પાદનો નાશ કર્યો છે અને જ્ઞાનના અનુભવનો ઉત્પાદ કર્યો છે, જ્ઞાનાનંદમય નિજ ચૈતન્યનું વેદન કર્યું છે. મિથ્યાત્વ હતું ત્યાં સુધી રાગ-દ્વેષનું વિકારી વેદન હતું તે હવે સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનના વેદન દ્વારા નાશ પામ્યું એટલે કે, રાગ-દ્વેષ-મોહનું વેદન ઉત્પન્ન જ થતું નથી તેથી તેને જીતી લીધા છે એમ કહ્યું છે.

પ્રમાદ છોડી, અંતરના આનંદને શોધી, મન-વચન-કાયાના યોગોનો નિરોધ કર્યો છે અને આસ્રવને રોકી જ્ઞાની શુદ્ધ ઉપયોગની દશામાં લીન થઈ ગયા છે. આત્માના અનાકુળ આનંદના શુદ્ધ વ્યાપારમાં જેનો ઉપયોગ પરિણમી ગયો છે એવો જીવો મોક્ષ એટલે કે પરમાનંદની પ્રાપ્તિની તદ્દન નજીક આવી ગયો છે.

આવા શુદ્ધોપયોગી જીવો જ બંધપદ્ધતિનો એટલે કે, બંધની પરંપરાનો નાશ કરીને, પરવસ્તુઓનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને પોતારૂપ થયા છે તે સિદ્ધ થાય છે.

આ સિદ્ધ થવાની પહેલેથી છેલ્લે સુધીની રીત કહી દીધી છે. પ્રથમ તો સ્વરૂપના અનુભવ દ્વારા રાગ-દ્વેષ-મોહની એકતા તૂટે છે. પછી તે પ્રમાદ છોડી, યોગોનો નિરોધ કરી, ઉગ્રપણે શુદ્ધ ઉપયોગમાં પરિણમી જાય છે તે જીવ, બંધની પરંપરાને છેદી, આપરૂપ થાય છે, અર્થાત્ સિદ્ધ થઈ જાય છે. આ સિદ્ધ થવાની રીત છે.

હું કોણ છું તેની ખબર વગર આ માર્ગનું મોં-માથું હાથ આવે તેમ નથી. પૂર્ણાનંદનો નાથ જ્ઞાનસાગર હું જ છું એવી ખબર વગર બધુ નકામું છે. રાગાદિ મારામાં થતાં હોવા છતાં તે મારું સ્વરૂપ નથી, મારી સત્તા એક જુદું જ તત્ત્વ છે રાગાદિ મારી અપેક્ષાએ કોઈ વસ્તુ જ નથી એમ જાણીને, આત્માનો અનુભવ કરે છે તેણે રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે. આવા નિર્મળ અનુભવનું નામ 'ધર્મ' છે. આ જૈન સંસ્કૃતિ છે. રાગ-દ્વેષ-મોહને જીતે તે જૈન છે. રાગ-દ્વેષ-મોહને ઉત્પન્ન ન થવા દેવા એ જ તેનું જીતવું છે.

જેને પોતાના માને તેને પોતાથી જુદાં કેમ કરે ! અજ્ઞાની પંચમહાવ્રત, તપ, દાન, ભક્તિ આદિ ક્રિયાને પોતાની માને છે તેને તે જુદી કેમ કરે ! રાગાદિ લાભદાયક છે, તેના અસ્તિત્વથી જ મારું અસ્તિત્વ છે એમ માનનાર અજ્ઞાની રાગથી છૂટો ન પડી શકે. જ્યારે જ્ઞાનીને રાગરહિત સ્વભાવની અસ્તિના સ્વીકારમાં રાગની ઉત્પત્તિ જ થતી નથી.

આવો ધર્મ ગૃહસ્થાશ્રમમાં રહીને શી રીતે કરવો ? તેના માટે આગળ જવાબ આવી ગયો છે કે, આત્માનો ધર્મ પરથી નિરપેક્ષ છે.

જ્યાં સુધી શુભાશુભભાવમાં કે સંયોગમાં તેનું ઉત્સાહિતવીર્ય થાય ત્યાં સુધી તે મિથ્યાત્વભાવે પરિણમે છે. સ્વરૂપનું અવલોકન, ભાન અને વેદન કરતાં આનંદ, જ્ઞાન અને શાંતિનો અનુભવ થાય છે તે જ પોતાની હયાતિનો ભાવ છે–રાગાદિ તો દુઃખરૂપ ભાવ છે એટલો જ્યાં આંતરો પડે–ભેદજ્ઞાન કરે તો બધાં સંયોગો હોવા છતાં તેમાંથી એકત્વ છૂટી જાય છે.

આઠમા કળશમાં નિરાસ્રવી જીવની વાત કરી, હવે ૯મા કળશમાં ઉપશમ અને ક્ષયોપશમભાવની અસ્થિરતા દૃષ્ટાંતથી બતાવે છે. ૧૨મુ પદ્ય છે.

जेते जीव पंडित खयोपसमी उपसमी,
तिन्हकी अवस्था ज्यौं लुहारकी संडासी है ।
खिन आगमांहि खिन पानीमांहि तैसैं एऊ,
खिनमें मिथ्यात खिन ग्यानकला भासी है ॥
जौलौं ग्यान रहै तौलौं सिथिल चरन मोह,
जैसैं कीले नागकी सकति गति नासी है ।
आवत मिथ्यात तब नानारूप बंध करै,
ज्यौं उकीले नागकी सकति परगासी है ॥१२॥

અર્થ :—જેવી રીતે લુહારની સાણસી કોઈવાર અગ્નિમાં તપેલી અને કોઈવાર પાણીમાં ઠંડી હોય છે, તેવી જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યગ્દષ્ટિજીવોની દશા છે અર્થાત્ કોઈવાર મિથ્યાત્વભાવ પ્રગટ થાય છે અને કોઈવાર જ્ઞાનની જ્યોતિ ઝગમગે છે. જ્યાં સુધી જ્ઞાન રહે છે ત્યાં સુધી ચારિત્રમોહનીયની શક્તિ અને ગતિ મંત્રથી બાંધેલ સાપની જેમ શિથિલ રહે છે અને જ્યારે મિથ્યાત્વ રસ આપે છે ત્યારે તે મંત્રના બંધનથી મુક્ત સાપની પ્રગટ થયેલી શક્તિ અને ગતિની જેમ અનંતકર્મોનો બંધ વધારે છે.

અહીં સમકિતીને જ પંડિત કહ્યા છે. જેણે રાગના વિકલ્પથી પણ જુદા આત્માનો અનુભવ કર્યો છે તેને સમકિતી અને પંડિત કહેવાય છે. જાણપણું ઓછું હો કે વિશેષ હો તેની સાથે કાંઈ સંબંધ નથી. જેણે દૃષ્ટિમાંથી રાગના વિકલ્પનું ધ્યેય છોડીને, સ્વભાવના ધ્યેયે સ્વાનુભૂતિ પ્રગટ કરી છે તે પંડિત છે.

અનંતાનુબંધની ચાર અને દર્શનમોહનીયની ત્રણ, એ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યકત્વ થાય છે. તેનો ઉત્કૃષ્ટ અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે, તે ઉપશમી સમ્યગ્દષ્ટિ છે.

અનંતાબંધુની ચાર અને મિથ્યાત્વ તથા મિશ્ર એ છ પ્રકૃતિઓનો અનુદય અને સમ્યક્ પ્રકૃતિનો ઉદય રહે છે તેને ક્ષયોપશમ સમક્તિ હોય છે. તેનો ઉત્કૃષ્ટકાળ છાસઠ સાગર અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે, તે ક્ષયોપશમી સમ્યગ્દષ્ટિ છે.

અહીં ઉપશમી કે ક્ષયોપશમી સમ્યગ્દષ્ટિની વાત નથી પણ તેમાંથી જે પડી જાય છે તેની દશા કેવી હોય છે તેની વાત છે. ઉપશમ સમ્યક્ત્વનો તો કાળ જ નાનો છે પણ ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં તો વધુમાં વધુ છાસઠ સાગર સુધી રહેવાની મર્યાદા છે. તેમાંથી જે પડી જાય તેની દશા લુહારની સાણસી જેવી છે. સમકિતથી

પડે, વળી સમકિતમાં આવી જાય, વળી પડી જાય, આવે, જાય એવું થાય છે. ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ ઘડીમાં મિથ્યાત્વમાં આવે અને ઘડીમાં સમકિતમાં આવે એવું નથી. અહીં ક્ષયોપશમથી પડી જાય તે પછી તેને ક્યારેક રાગનો રસ થઈ જાય અને ક્યારેક આનંદનો રસ આવે એવી દશા થઈ જાય છે તેની વાત છે. જે ક્ષયોપશમ સમકિતથી પડતો નથી તેની વાત નથી.

કોઈ જીવને ક્ષયોપશમ સમક્તિ હોય, મુનિપણું લીધું હોય પણ અંદરમાં ભ્રમણા થઈ જાય એ વખતે આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભવનવાસી આદિ અસુરમાં જાય. બાકી, સમ્યગ્દષ્ટિ મરીને અસુરમાં ન જાય એ તો નિયમ છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં પડવાનો અવકાશ છે તેથી પડે તો મિથ્યાદષ્ટિ થઈ જાય. આ વાત આચાર્યદેવે કરવા માટે કહી નથી પણ ચેતવવા માટે કહી છે. હું પડી જઈશ તો ! પડી જઈશ તો ! એમ ડરવાની વાત નથી. પડે શું ?

અહીં તો જ્યાં સુધી આત્મજ્ઞાન અને આત્મદષ્ટિ છે ત્યાં સુધી તે જીવ આસ્રવવાળો નથી, શુદ્ધતાવાળો છે, નિરાસ્રવી છે એ સિદ્ધ કરવું છે. જ્યારે કોઈ જ્ઞાની જીવ શુદ્ધતાના ભાવથી ભ્રષ્ટ થાય છે અને અશુદ્ધતાના અનુભવમાં આવી જાય છે ત્યારે તે મિથ્યાદષ્ટિ થઈ જાય છે માટે સાવધાન રહેવું જરૂરી છે. ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ નિયમથી પડે જ એવું નથી. જે પડે છે તેની અહીં વાત કરી છે. શ્રીમદ્જીએ પણ પડે છે તેની વાત કરી છે પણ બધાં ક્ષયોપશમમાંથી પડે જ છે એમ નથી. ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાંથી ક્ષાયિક સમ્યગ્દર્શન આવી જાય તે કાંઈ પડતાં નથી. અહીં જે ક્ષણમાં સમ્યક્ અને ક્ષણમાં મિથ્યાત્વની વાત લખી છે તે બધાં ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને લાગુ પડતી નથી. જે ક્ષયોપશમથી પડે છે તેને જ લાગુ પડે છે, ન પડે તો ક્ષયોપશમ સમક્તિ છાસઠ સાગર રહીને, ક્ષાયિક લઈને કેવળજ્ઞાન પામી જાય.

जोलौं ज्ञान रहै तौलौं सिथिल चरनमोह, .....જ્યાં સુધી આત્માનું ભાન અને આનંદનો અનુભવ રહે છે ત્યાં સુધી ચારિત્રમોહ શિથિલ થઈ જાય છે તેનું બંધન તેને થતું નથી અને થાય તેની ગણતરી ગણવામાં આવતી નથી. ભલે ઉપયોગ વિકલ્પમાં રોકાયો હોય પણ લબ્ધમાં આત્માનું ભાન છે ત્યાં સુધી ચારિત્રમોહનું બંધન ઢીલું પડી જાય છે. જેમ, સર્પ ઉપર ઠંડુ પાણી છાંટવાથી સર્પની શક્તિ ઢીલી પડી જાય છે તેમ ચારિત્રમોહ ઢીલો પડી જાય છે.

आवत मिथ्यात तब नानारूप बंध करै,.....જ્યારે તે જ ક્ષયોપશમ સમક્તિી જીવ આત્માના ભાનથી ભ્રષ્ટ થઈ રાગની ક્રિયાને પોતાની માનવા લાગે, તેનાથી મને લાભ

છે એમ માનવા લાગે ત્યારે તે મિથ્યા અભિપ્રાય અનુસાર અનેક પ્રકારના બંધ કરે છે. રાગાદિ સાથે એકત્વ થઈ જતાં તે મિથ્યાદૃષ્ટિ જ થઈ ગયો, તેથી તેને આસ્રવ અને બંધ થાય છે, તેથી સાસ્રવી છે. ભલે તે મુનિ હોય અને મહાવ્રતના પરિણામ હોય પણ તેમાં એકત્વ થયું હોય તો તે જ સમયે તે મિથ્યાદૃષ્ટિ થઈ ગયો, નિરાસ્રવી ન રહ્યો.

રાગનો રાગ થયો તેને સ્વભાવનો રાગ ન રહ્યો, છૂટી ગયો. મુનિ હોવા છતાં તેણે રાગની એકતા કરી તેથી સંસારનો બંધ બાંધવા લાગ્યો અને સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય પણ રાગની એકતા કરતો નથી તો તે નિરાસ્રવી છે, સ્વભાવની એકતામાં છે તેથી તે અબંધ છે. ચારિત્રમોહથી તે ભિન્ન પડી ગયો છે તેથી તેનો બંધ તેને નથી.

વિશેષ :—ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે અને ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ છાસઠ સાગર અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. આ બંને સમ્યક્ત્વ નિયમથી નષ્ટ થાય જ છે એટલે કે, ક્ષયોપશમ પણ કાયમ રહેતું નથી. તેથી જ્યાં સુધી સમ્યક્ત્વભાવ રહે છે ત્યાં સુધી આત્મા એક વિલક્ષણ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે. રાગથી જુદો પડ્યો એટલે જગતથી જુદી જાતની શાંતિ અને આનંદનો અનુભવ કરે છે અને જ્યારે સમ્યક્ભાવ નાશ પામવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને કર્મ-પરંપરા વધારે છે.

હવે આ શાસ્ત્રનો સાર શ્લોક દ્વારા આચાર્યદેવ કહે છે.

इदमेवात्र तात्पर्य हेयः शुद्धनयो न हि ।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्‌बन्ध एव हि ।।१०।।

અશુદ્ધનયથી બંધ અને શુદ્ધનયથી મોક્ષ છે.

यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख ।
तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख ।।१३।।

અર્થ :—આ શાસ્ત્રમાં સાર વાત એ જ છે અને એ જ પરમતત્ત્વની પોષક છે કે, શુદ્ધનયની રીત છોડવાથી બંધ અને શુદ્ધનયની રીત ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે.

શું કહે છે ! કે, શુદ્ધનયની રીત પરમતત્ત્વની પોષક છે અને રાગની રીત બંધની પોષક છે માટે શુદ્ધનયને ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે અને શુદ્ધનયને છોડવાથી બંધ થાય છે. રાગનો અનુભવ કરવાથી બંધ થાય છે અને રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવાથી મોક્ષ થાય છે.

ભલે, દયા, દાન, વ્રતાદિના પરિણામ હો, પણ તે પરિણામનો અનુભવ કરનાર શુદ્ધનયથી ભ્રષ્ટ છે અને સર્વ રાગથી રહિત શુદ્ધ સ્વભાવનો અનુભવ તે શુદ્ધનય છે તે, તત્ત્વના રસનો પોષક છે. તેમાં આત્માના આનંદનો અનુભવ છે માટે શુદ્ધનય છોડવા લાયક નથી. આ આખા સમયસારનો સાર છે.

જુઓ ! આમાં ત્યાગ અને અત્યાગની વ્યાખ્યા છે. શુદ્ધનયના ત્યાગથી બંધ છે અને શુદ્ધનયના અત્યાગથી મોક્ષ છે. શુદ્ધસ્વરૂપના અનુભવનો ત્યાગ નથી ત્યાં સુધી બંધ નથી. આ જૈનદર્શનનું–સમયસારનું માખણ છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ–દૃષ્ટિ–એકતા–રાગની પૃથકતા એ શુદ્ધનય છે અને તેને છોડવાથી બંધ છે. રાગની સાથે એકતાબુદ્ધિ અને સ્વભાવના અનુભવનો ત્યાગ તે બંધનું કારણ છે અને શુદ્ધસ્વરૂપના અનુભવનો અત્યાગ અને રાગનો ત્યાગ તે મોક્ષનું કારણ છે. *(ક્રમશઃ)*

*

*** ક્રમબદ્ધના સંસ્કાર પાડ્યા હશે તે સમકિત પામશે ***

ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં હિન્દુસ્તાનમાં કયાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.

*** પોતાના ચેતકપણાને જ જાહેર કરે છે ***

ચૈતન્યનું 'સ્વ-પર-પ્રકાશકપણું' વિશાળ છે. ચૈતન્યની સત્તા વિશાળ છે. ચૈતન્યના પ્રકાશમાં ચૈતન્યનો પ્રકાશ જ જાહેર થાય છે. આત્માની નજીકમાં નજીક-એક ક્ષેત્રે રાગાદિ ઉત્પન્ન થાય છે પણ આત્મા તેને જાહેર કરતો નથી. આત્મા તો પોતાને અને રાગ તથા પરને પ્રકાશે એવી પોતાની શક્તિની દ્વિરૂપતાને પ્રકાશે છે એટલે કે પોતાને જ જાહેર કરે છે, પોતાના ચેતકપણાને જ જાહેર કરે છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# વૈરાગ્યજનની : બાર ભાવના

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, ધ્યાનનો અધિકાર છે. બાર ભાવના પૂરી થઈને તપનો અધિકાર ચાલે છે. એમાં ધ્યાન કોને કહેવાય અને તે ધ્યાન કોને હોય છે તે કહે છે.

सुविसुद्धरायदोसो बाहिरसंकप्पवज्जिओ धीरो ।
एयग्गमणो संतो जं चिंतइ तं पि सुहज्झाणं ॥४८०॥

અર્થ :—જે પુરુષ રાગ-દ્વેષરહિત થઈ બાહ્ય સંકલ્પોથી છૂટી ધીર ચિત્તથી એકાગ્ર મનવાળો થઈ ચિંતવન કરે છે તે પણ શુભધ્યાન છે.

જુઓ ધર્મધ્યાન કોને કહેવાય છે? જે પ્રથમ નક્કી કરે કે રાગ-દ્વેષ મારા સ્વભાવમાં જ નથી તેને ધર્મધ્યાન હોય છે. જેનાથી રહિત થવું છે એ જો સ્વભાવમાં હોય તો તે નીકળી શકે નહિ. એકમેક થઈ ગયા હોય તો એમાંથી છૂટી શકાય નહિ એ માટે રાગ-દ્વેષ રહિત મારો સ્વભાવ છે એવો નિર્ણય પ્રથમ કરવો જોઈએ અને એવો નિર્ણય કરીને અનંતા જીવો પૂર્ણપદને પામ્યા છે.

જે વક્તા પોતે ધર્મ સમજ્યો ન હોય તે બીજાને નિમિત્ત થઈ શકે નહિ. પુરુષ પ્રમાણે વચન પ્રમાણ હોય છે. માટે સર્વજ્ઞ સિવાય બીજાની પાસે સાંભળવા જતાં ગુણ ગ્રહણ થતા નથી. કેમકે જેનામાં ગુણ નથી, તેનામાંથી ગુણ ગ્રહણ કરવાનું રહેતું જ નથી.

જેને ધર્મધ્યાન કરવું હોય તેણે પ્રથમ કોની પાસેથી ધર્મની વાત સાંભળવી જોઈએ તે કહે છે. જેમ કોઈ માણસને નોકરી કરવી હોય તો પહેલાં જેની નોકરી કરવી હોય તેની બરાબર પરીક્ષા કરે કે આ માણસ મને મહિને પૂરેપૂરો પગાર આપી શકે એમ છે કે નહિ? તે પછી તેની નોકરી કરે. તેમ જેની પાસેથી ધર્મ સાંભળવો છે તેને ધર્મ પ્રગટ થયો છે કે નહિ? તે પ્રથમ જાણવું જોઈએ.

જુઓ, આગળ આચાર્ય ભગવાન પાંચ બ્રહ્મચારી તીર્થંકરોને નમન કરશે. આચાર્ય પોતે બાળ બ્રહ્મચારી હતા એટલે મુખ્ય બ્રહ્મચારી તીર્થંકરોને વંદન કર્યું છે. એથી કરીને તીર્થંકરોમાં ફેર છે એમ નથી પણ એ વખતે એવો વિકલ્પ આવ્યો. શ્રી વાસુપૂજ્યસ્વામી, શ્રી મલ્લિનાથસ્વામી, શ્રી નેમિનાથસ્વામી, શ્રી પાર્શ્વનાથસ્વામી અને શ્રી મહાવીરસ્વામી એ પાંચ તીર્થંકરો બાળ બ્રહ્મચારી હતા. માટે પાંચને વંદન કર્યું છે. આ ઉપરથી એમ

નક્કી થયું કે વીતરાગ સર્વજ્ઞની પરંપરામાં પાંચ તીર્થંકરો બ્રહ્મચારી હતા. એમ ન માને તો સમજવું કે સાચી પરંપરા નથી. જગતમાં માલ લેવા જાય તો ત્યાં પણ બરાબર પરીક્ષા કરે અને ધર્મ જે અપૂર્વ છે તેની પરીક્ષા ન કરે તો ચાલે નહિ. પરીક્ષા કર્યા વગર એમને એમ ધર્મ થઈ જાય એમ નથી માટે જેણે કલ્યાણ કરવું હોય તેણે પહેલાં પુરુષને નક્કી કરવો પડશે. રેંગી ફેંગીનાં આ કામ નથી. રણે ચડ્યો રજપૂત છૂપે નહિ.

એક વખત વાણિયાની જાનમાં એક ગરાસિયાને લઈ ગયા. રસ્તામાં ચોર આવ્યા, ત્યારે રજપૂત ગરાસિયો કહે આ વાણિયાએ મને ગાડે બેસાડ્યો છે. હું સાથે છું ત્યાં સુધી કોઈના ઉપર હાથ પડવો ન જોઇએ કેમ કે અમે ક્ષત્રિય છીએ. કાં મારીએ, અને કાં મરીએ, વાણિયાની જેમ વેવલાપણું કરીએ નહિ. એમ આત્મા રાજપુત્ર છે. પોતાના જ્ઞાન, દર્શન, શક્તિથી શોભી રહ્યો છે, તે ટાણાં આવે ત્યારે માયકાંગલાપણું કરે નહિં, વખત આવ્યે ધર્મી માથાં આપે. રાગથી કે નિમિત્તથી ધર્મ માને નહિ. કુદેવાદિને વંદન કરે નહિ. દેહ જતો હોય તો જતો કરે, પણ તે ડગતા નથી. કેમકે આત્મા કાંઈ વાણિયો નથી, આત્માને શરીર નથી તો શરીરનું નામ આપ્યું તે આત્મા કેમ હોય ? માટે બરાબર પરીક્ષા કરવી જોઈએ.

કોઈ કહે કે આપણે પરીક્ષા કરવાનું શું કામ છે ? જે હોય તે માની લો. પણ એમ એવી રીતે ચાલે નહિ. ધર્મ અપૂર્વ ચીજ છે, ધર્મની પર્યાય કેવી હોય ? તેમાં નિમિત્ત કેવું હોય ? તે પહેલાં જાણવું જોઇએ. જેણે રાગ, પુણ્ય અને નિમિત્તના આશ્રયે ધર્મ મનાવ્યો છે એવા કુદેવાદિના નિમિત્તે રાગ-દ્વેષરહિત થવાય નહિ પણ વીતરાગી સર્વજ્ઞ પુરુષે રાગાદિથી રહિત આત્મા છે એમ કહ્યું છે. એવા સાચા દેવાદિના નિમિત્તે રાગાદિરહિત થવાય છે. આત્માએ રાગ-દ્વેષથી રહિત થવું તે પણ નાસ્તિનું કથન છે. સ્વભાવ શુદ્ધ છે એના આશ્રયે રાગ-દ્વેષ થતાં નથી, એ વાત યથાર્થ છે. તે પર્યાયને શુભધ્યાન એટલે શુદ્ધ—સારૂં ધ્યાન કહે છે.

ભાવાર્થ :—જે રાગ-દ્વેષમયી પરવસ્તુ સંબંધી સંકલ્પ છોડી કોઈનો ચળાવ્યો પણ ન ચળે એવો એકાગ્રચિત્ત બની ચિંતવન કરે છે તે પણ શુભધ્યાન છે. અહીં રાગ-દ્વેષ-મયી પરવસ્તુનું એટલે રાગ-દ્વેષોના નિમિત્તોનું લક્ષ છોડી દે છે, એમ કહેવું છે. સ્વભાવમાં એકાગ્ર થતાં પરનું લક્ષ છૂટી જાય છે તે શુભધ્યાન છે એટલે કે ધર્મધ્યાન છે.

ससरूवसमुब्भासो णट्ठममत्तो जिदिंदिओ संतो ।
अप्पाणं चिंतंतो सुहझाणरओ हवे साहू ॥४८१॥

અર્થ :—જે સાધુને પોતાના સ્વરૂપનો સમુદ્‌ભાસ એટલે પ્રગટતા થઈ છે એવા

સાધુને પરદ્રવ્યમાં મમત્વ રહેતું નથી અને તે પુરુષે પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતી લીધા છે અને એક આત્માનું જ ચિંતવન કરતો થકો પ્રવર્તે છે તે શુભધ્યાનમાં લીન હોય છે.

જેને ચિદાનંદ આત્માની ખ્યાતિ થઈ છે તેને પુણ્ય-પાપ અને પરની ખ્યાતિનો નાશ હોય છે તે ધર્મધ્યાન છે. આત્મામાં જે શક્તિ પડેલી છે તેની રુચિ, જ્ઞાન અને રમણતા કરીને પ્રગટરૂપે કરે છે તે સાધુ છે અને પરદ્રવ્યમાંથી સુખબુદ્ધિ અંતરથી ટળી ગઇ છે તેને શુભધ્યાન હોય છે.

ભાવાર્થ :—જેને પોતાના સ્વરૂપનો પ્રતિભાસ થયો હોય, જે પરદ્રવ્યમાં મમત્વ ન કરતો હોય અને ઇન્દ્રિયોને વશ કરે, એ પ્રમાણે જે આત્માનું ચિંતવન કરે તે સાધુ શુભધ્યાનમાં લીન હોય છે. બીજાને શુભધ્યાન હોતું નથી.

જેને ધ્યાનરૂપી તપની ખબર નથી તે તો બહારમા તપસ્યા કરીને ધર્મ માને અને વરઘોડા કાઢે, પણ હજુ કુદેવાદિની શ્રદ્ધા જેને છૂટી નથી તેને ધર્મધ્યાન થતું નથી પણ તે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. એવા જીવોને પુણ્ય-પાપ રહિત આત્મા છે એ વાત રુચતિ નથી અને આત્માની જે ધર્મક્રિયા છે તે તેના લક્ષમાં આવતી નથી. જડની-શરીરની ક્રિયામાં ધર્મ માનીને તે અધર્મને સેવે છે. માટે અહીં તો કહે છે કે એવી દૃષ્ટિ જેને છૂટી ગઈ હોય તેને જ ધર્મધ્યાન હોય છે. જેને સ્વભાવદૃષ્ટિ થઈ હોય તેને જ ધર્મધ્યાન હોય છે. એમ અસ્તિથી વાત આવે ત્યારે એ સિવાય બીજાને ધર્મધ્યાન હોતું નથી એમ નાસ્તિની વાત પણ તેમાં સમજી લેવી.

वज्जियसयलविप्पयो अप्पसरूवे मणं णिरुंधंतो ।
जं चिंतदि साणंदं तं धम्मं उत्तमं झाणं ।।४८२।।

અર્થ :—જે બધાય અન્ય વિકલ્પોને છોડી આત્મસ્વરૂપમાં મનને રોકી આનંદ સહિત ચિંતવન હોય તે ઉત્તમ ધર્મધ્યાન છે.

આનંદ જ આત્માનું સ્વરૂપ છે, જ્ઞાન સાથે આનંદ વણાયેલો છે એવા આત્માની જેને પ્રતીતિ થઈ છે તે શુભાશુભ વૃત્તિને છોડીને આનંદમય અમૃતરસનું પાન કરે છે એવા ચિંતવનને ધર્મધ્યાન કહે છે. આત્મા ત્રિકાળ અનાકુળ સ્વરૂપ છે, તેમાં આનંદ અને અમૃતનો ઘૂંટડો આવે તે આકુળતારહિત થાય છે. આવા આત્માના વેપારમાં નુકશાની કદી થતી નથી. દિન-પ્રતિદિન આનંદની વૃદ્ધિ–લાભ થાય છે, પણ તે કેવી રીતે થાય છે, એનું પહેલાં જ્ઞાન કરવું જોઇએ.

અહીં આનંદ સહિત ચિંતવનની વાત કરી છે. આનંદ સ્વરૂપી આત્માને સમજ્યા વિના એમને એમ ચિંતવન કરે એની વાત નથી. વળી શુભધ્યાન એટલે શુદ્ધધ્યાનની વાત છે. ગોળનો રવો હોય તો તેમાંથી ગોળ જ નીકળે કાળીજીરી નીકળે નહિં. તેમ આનંદસ્વરૂપી આત્મામાંથી તો આનંદ જ ઝરે છે તેમાંથી દુઃખ નીકળે નહિ, કેમકે એમાં દુઃખ છે જ નહિ. એમ જાણી આત્મામાં એકાગ્ર થવું તે ઉત્તમ ધ્યાન છે.

ભાવાર્થ :—સમસ્ત અન્ય વિકલ્પરહિત આત્મસ્વરૂપમાં મનને સ્થિર કરવાથી જે આનંદરૂપ ચિંતવન રહે છે તે ઉત્તમ ધર્મધ્યાન છે. આવા ધર્મધ્યાનની જેને ખબર નથી તે પૂછે છે કે ભાઈ ! ધર્મધ્યાન કરો છો ? એટલે સામાયિક, પ્રતિક્રમણ આદિ કરો છો ? જો એ પ્રમાણે કરતાં હોય તો શ્રાવકને બીજું કાંઈ કરવાનું રહેતું નથી એમ માને છે. હવે એવા સંપ્રદાયના શ્રાવક પાછા પ્રશ્ન કરે કે મહારાજ ! કેટલા પરમાણુંનો આત્મા બન્યો હશે ? જુઓ, હજી આટલી પણ ખબર નથી તેને ધર્મધ્યાન કેવું થતું હશે ? આંધળું ગાડું ચાલે છે, લોકો વિચાર પણ કરતા નથી. એવા જીવો તો આ વાતને સાંભળી પણ શકતા નથી. કદાચ સત્ય વાત સાંભળવા મળી હોય તો આ વાત ઊંચી છે એમ કહીને કાઢી નાખે છે, એવા જીવોને ધર્મધ્યાન તો થાય નહિ, પણ તે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરવાને પણ પાત્ર નથી. માટે પ્રથમ આત્માનો નિર્ણય કરી તેમાં એકાગ્ર થતાં પરનું ચિંતવન છૂટી જાય તેને ઉત્તમ ધ્યાન હોય છે એમ કહેલ છે.

હવે આનંદ સહિત ઉત્તમ ધર્મધ્યાનનું ટીકાકાર અન્ય ગ્રંથો અનુસાર વિશેષ કથન કરે છે. ધર્મધ્યાનના ચાર ભેદ કહ્યા છે.

(૧) આજ્ઞાવિચય (૨) અપાયવિચય (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય

(૧) પોતાની સાધક દશાનો વિચાર કરવો તે આજ્ઞાવિચય છે.

(૨) પોતાની પર્યાયમાં રહેલી બાધક દશાનો વિચાર કરી તેને મટાડવાનો વિચાર કરવો તે અપાયવિચય છે.

(૩) પોતાના પૂર્વ કર્મના વિપાકનો વિચાર કરવો તે વિપાકવિચય છે.

(૪) પોતાની પૂર્ણદશા ક્યારે પ્રગટશે એ સંબંધી વિચાર કરવો તે સંસ્થાન-વિચય છે.

આ ચાર પ્રકારે ધર્મધ્યાન છે. આજ્ઞાવિચયાદિનું વર્ણન બીજા ગ્રંથો અનુસાર કર્યું છે.

(ક્રમશઃ)

*

# યશોધર અને ચન્દ્રમતિની કથા

(ઓગસ્ટથી ચાલુ)

જ્યારે આચાર્ય સુદતે તેમની વાત સાંભળી ત્યારે બન્નેના કુસુમ–સુકુમાર બાલ્યજીવનને જોઈને તેમનું ધૈર્ય જોઈને મુનિરાજ પણ વિસ્મિત થયા તથા કહેવા લાગ્યા–કુમારો, તમારા લોકોના શરીર હજી એકદમ સુકોમલ છે. તમે હજી સુધી ક્યારેય બાધા–વિઘ્નોનો સામનો નથી કર્યો અને તમારું મન પણ ખૂબ જ કોમળ છે. તમારામાં સમ્પૂર્ણ જૈન મુનિવ્રત પાલન કરવાની ક્ષમતા નથી એટલે તમે લોકોએ ક્ષુલ્લક ધર્મનું પાલન કરવું ઉચિત છે. ત્યાર બાદ તમને દિગમ્બરી દીક્ષા આપશું.

જિનભક્ત પરાયણ અભયરુચિ અને અભયમતિએ જ્યારે મુનિરાજની દિવ્યવાણી સાંભળી તો અભયરુચિએ ખૂબ ભક્તિ સહિત મુનિરાજ નજીક ક્ષુલ્લક ધર્મનો સ્વીકાર કર્યો તથા અભયમતિએ અગીયાર અંગની પાઠિકા ક્ષાન્તિકા આર્યિકા પાસે ખૂબ શ્રદ્ધા અને ભક્તિ સાથે ક્ષુલ્લિકાના વ્રતને સ્વીકાર કર્યાં.

રાજપુર નામનું એક સુન્દર નગર છે. તે નગરમાં મારિદત્ત નામનો રાજા રહેતો હતો. તે દેવીનો પરમ ભક્ત હતો. તે જ નગરની દક્ષિણ દિશામાં ચન્ડમારી નામની એક કુલદેવી રહેતી હતી. મારિદત્ત આદિ પોતાના હાથે જીવોની હત્યા કરી ખૂબ ભક્તિ સાથે આ બલિથી કુળદેવીની પૂજા કરતા હતા. તે લોકો જો આ રીતે દેવીની પૂજા ન કરે તો ચન્ડમારી બધાને એક સાથે મારી નાંખે. એક દિવસની વાત છે કે મારિદત્ત રાજા દરેક નગરવાસી તથા પોતાના અન્તઃપુર પરિવારને સાથે લઈને દેવીના મન્દિરે આવ્યા.

ઠીક તે જ સમયે સુદત નામના આચાર્ય પણ પોતાના સંઘ સાથે વિહાર કરતાં એ જ રાજપુરના નિકટવર્તી શ્મશાનમાં આવ્યા.

તે સમયે ચન્ડમારીની પૂજા કરવા માટે એના ચરણોમાં બલિ ચડાવવા બધા લોકો મોર, મુર્ગી આદિ અસંખ્ય પ્રાણી સાથે લાવ્યા હતા. એટલામાં રાજાના મેહતરોએ કહ્યું કે એક સમ્પૂર્ણ પ્રશસ્ત લક્ષણોથી સમ્પૂર્ણ મનુષ્ય યુગલ મંગાવો.

જ્યારે રાજાએ આ મહતરોની વાત સાંભળી તો તેણે જલ્દીથી પોતાના નોકરોને આજ્ઞા આપી કે એક સુન્દર યુગલ લઈ આવો. નોકરોએ રાજાની આજ્ઞાને દેવઆજ્ઞા માની તુરત જ એક નરયુગલને લેવા માટે ચાલી નીકળ્યા.

તે જ સમયે પૂર્વોક્ત ક્ષુલ્લક યુગલે ભક્તિપૂર્વક મુનિરાજને નમસ્કાર કર્યા તથા આહાર લેવાની ઇચ્છાથી તેઓ નગર તરફ જવા લાગ્યા. આ ક્ષુલ્લક-યુગલ તે નોકરોના રસ્તે જ જઈ રહા હતા જેઓ બલિ માટે નર–યુગલની ખોજ માટે નીકળ્યા હતા. તેઓ ક્ષુલ્લક-યુગલને જોઈને પરસ્પર કહેવા લાગ્યા કે દેવીની બલિ માટે આ યુગલ રાજાને ખૂબ જ પસંદ આવશે.

ક્ષુલ્લક-યુગલે આ લોકોની આ ભયંકર વાત સાંભળી લીધી તથા નિર્ભય થઈને ત્યાં જ રોકાઈ ગયા. તે લોકોએ પણ આ રૂપવાન ક્ષુલ્લક-યુગલને પકડીને રાજા મારિદત્ત પાસે લઈ ગયા.

જ્યારે ક્ષુલ્લક-યુગલ રાજા મારિદત્તની નજીક આવ્યા તો દેવતાના ચરણોમાં હાથમાં ભયંકર તલવાર સાથે રાજાને જોયા. દૂરથી ક્ષુલ્લક-યુગલે મારિદતને જોયા. બન્નેએ એક સાથે રાજાને 'જયવાન રહો' કહ્યું અને તમે સમ્પૂર્ણ છો, સુવર્ણસમાન સુન્દર છો, નિર્મલ છો અને કુન્દવૃક્ષ સમાન તમારો યશ નિર્મળ છે. રાજન્, તમે જયવંત રહો.

રાજાએ મેઘની ગર્જના સમાન ગમ્ભીર ક્ષુલ્લક-યુગલની 'જયધ્વનિ' સાંભળી; મનુષ્ય અને સ્ત્રીના સમસ્ત લક્ષણોથી સમ્પન્ન જોયા અને તેમને પૂછવા લાગ્યો–ભદ્ર, આ અતિશય રુપથી તમે ક્યા કૂળને દિપાવ્યું છે ? અત્યન્ત સુન્દર હોવા છતાં ક્યા કારણથી તમે લોકોએ આવી કઠીન તપસ્યા ધારણ કરી છે?

જ્યારે ક્ષુલ્લક-યુગલે મારિદત્તની સ્નેહપૂર્ણ વાત સાંભળી ત્યારે તેમણે બાળક, વૃદ્ધ તથા યુવાનોથી ભરેલી સભામાં પોતાના તપનું કારણ તથા રાજા યશોધર આદિનું પુરું વૃતાન્ત વિસ્તારથી સંભળાવ્યું જેથી ઉપસ્થિત જનતા ખૂબ આશ્ચર્યમાં પડી ગઈ ! એટલું જ નહિ, આ ઘટનાચક્રથી એવો પ્રભાવ પડ્યો કે સમસ્ત જનતાએ દેવીના સામે જીવ–વધ છોડી દીધો અને બધા શાન્ત થઈ ગયા.

જ્યારે કુળદેવીએ પણ સમ્પૂર્ણ કથા સાંભળી તો તેણે પણ પોતાનું ભયંકર સ્વરૂપ છોડી દીધું અને સૌમ્યરૂપ ધારણ કર્યું. તેણે ક્ષુલ્લક-યુગલની ભાવપૂર્વક ત્રણવાર પ્રદક્ષિણા કરી અને અર્ઘ્ય ચડાવ્યો. ત્યારબાદ તે હાથમાં કળશ લઈને ક્ષુલ્લક-યુગલના ચરણોમાં નમી ગઈ. ક્ષુલ્લક-યુગલ પ્રતિ તેની ભક્તિ અને સ્નેહ એકદમ ઉમટી પડયો તથા સમ્પૂર્ણ જનતા સામે ક્ષુલ્લક મહારાજને વિનંતી કરવા લાગી–હે ક્ષુલ્લક મહારાજ ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ, દયા કરો. તમે મને જલ્દી સંસારસમુદ્ર પાર કરવાવાળી જૈન દીક્ષા આપો.

જ્યારે ક્ષુલ્લક મહારાજે દેવીની આ વાત સાંભળી તથા તેનું હૃદય ભક્તિથી ગદ્‌ગદિત હતું તથા હાથ જોડીને ઊભી હતી તો કહેવા લાગ્યા ભદ્ર, ઉઠો, ઉઠો, જુઓ ! તિર્યંચો, નારકીઓ તથા દેવો માટે આ દીક્ષાનું વિધાન નથી. મનુષ્ય જ આ દીક્ષાને લઈ શકે છે.

ક્ષુલ્લક મહારાજની આ વાત સાંભળી દેવી વિનયથી એકદમ નમી ગઈ, કહેવા લાગી—સ્વામિન્ ! જો મુજ અભાગનીને દીક્ષા નથી તો મારા અનુરૂપ ધર્મનો ઉપદેશ અવશ્ય આપો.

ક્ષુલ્લક મહારાજે દેવીને કહ્યું કે—દેવી-દેવતાઓનો બે પ્રકારનો ધર્મ છે. સમ્યક્ત્વનો લાભ અને જિનપૂજા. પરન્તુ નારકીઓ માટે તો જિનપૂજા પણ દુર્લભ છે. તેઓ ત્રૈલોક્યચૂડામણિ સમ્યક્ત્વનો જ લાભ પામી શકે છે. પરન્તુ તિર્યંચગતિના જીવ સમ્યક્ત્વ સાથે કૃત-કારિત અને અનુમોદના પૂર્વક સમ્પૂર્ણ માનવધર્મનું પાલન કરી શકે છે. ચન્ડમારી દેવીએ ખૂબ ભક્તિથી મહારાજનું પ્રવચન સાંભળ્યું તથા તેણે સમ્યક્ત્વ તથા જિનપૂજાને ધારણ કર્યાં.

એવી રીતે ચન્ડમારી દેવીએ સમ્યક્ત્વ સહિત જૈનધર્મને સ્વીકાર કર્યો અને સમસ્ત જનતા સામે મારિદત્ત રાજાને કહેવા લાગી.

રાજન્ ! આજ દિવસથી કોઈપણ મનુષ્ય મારા માટે પ્રાણીહિંસા ન કરે. બધા ખૂબ શાન્તિથી રહે અને જો સમજાવવાથી અને રોકવા છતાં પણ કોઈ પ્રાણીહિંસા કરશે તો તેના સમ્પૂર્ણ કુટુમ્બને મારી નાખીશ. દેવીએ મારિદત્ત રાજા તથા જનતાને એટલું કહ્યું અને ક્ષુલ્લક-યુગલને પ્રણામ કરીને પોતાના સ્થાને ચાલી ગઈ.

જ્યારે દેવતાઓએ આ ઘટના સાંભળી તો આકાશમાંથી ક્ષુલ્લક મહારાજ ઉપર સહર્ષ દુન્દુભિયાં વગાડવા લાગ્યા, તથા પ્રસન્ન હૃદયથી તેમને ધન્યવાદ આપ્યા. જય જય શબ્દો સાથે એમના ઉપર પુષ્પમાળાઓ ફેંકી.

અહીં જ્યારે મારિદતે કુકડાના વધથી ઉત્પન્ન થયેલી અત્યન્ત ભયંકર દુઃખ પરમ્પરાને સાંભળી તથા દેવતાઓના આશ્ચર્યને જોયું તો તે ક્ષુલ્લક મહારાજને વિનંતી કરવા લાગ્યો—સ્વામિન્ ! તમે મને ભવનાશિની જિનદીક્ષા આપો જેથી હું પણ તમારી દયાથી મારું આત્મહિત સાધી શકું.

આ વાત સાંભળી તેઓ મારિદત્તને કહેવા લાગ્યા—રાજન્, હું તમને જિનદીક્ષા નહિ આપી શકું, અમારા ગુરુ નિર્મલજ્ઞાની છે તેઓ તમને જિનદીક્ષા આપશે.

મારિદત્ત રાજાએ જ્યારે ક્ષુલ્લક-મહારાજની વાત સાંભળી તો એનું મન કૌતુકથી પૂર્ણ થઈ ગયું તથા તે વિશુદ્ધ હૃદયથી વિચારવા લાગ્યા જુઓ, નગરીની સમસ્ત જનતા અને સામન્તગણ મારા ચરણ નજીક પડ્યા રહે છે અને હું બળવાન થઈને પણ દેવતાના ચરણોમાં પડ્યો હતો, દેવતા પણ ક્ષુલ્લક મહારાજના ચરણ યુગલમાં નત–મસ્તક થઈ ગયા અને હવે આ સાતિશય ક્ષુલ્લક–યુગલના પણ કોઈ બીજા મહાન ગુરુ છે. રાજા વિચારવા લાગ્યો, ધન્ય છે મુનિજનોના આશ્ચર્યકારી તપના મહાત્મ્યનો' જે તપસ્વી જન, દેવતા તથા અસૂરોથી પણ પૂજાય છે.

રાજા મારિદત્તનું ચિત્ત જિનધર્મના ઉપદેશથી પવિત્ર થઈ ગયું હતું અને બુદ્ધિ એકદમ વિશુદ્ધ. તે ક્ષુલ્લક મહારાજ પાસે ગમ્ભીર ભાવથી બેસી ગયો. એટલામાં સુદત્ત આચાર્યે પોતાના દિવ્યજ્ઞાનના બળથી વીર ક્ષુલ્લકો પર આવેલ ઉપસર્ગને તથા બુદ્ધિમાન મારિદત્ત રાજાનું ધર્મગ્રહણ કરવું તથા દીક્ષા લેવાના ભાવ જોયા અને ક્ષુલ્લક-યુગલ પાસે આવી પહોંચ્યા.

મારિદત્ત રાજાએ પોતાના સ્ત્રી, સામન્ત, ભાઈ, બન્ધુ-બાન્ધવ આદિ સાથે આચાર્યના ચરણોમાં નત–મસ્તકે ખૂબ વિનય સાથે તેમની પૂજા કરી અને જિનદીક્ષા લેવા માટે પ્રાર્થના કરવા લાગ્યો. તેણે પોતાના પુત્રને રાજ્યપટ્ટ બાંધ્યું ને પુરોહિત, મહામાત્ય, સામન્ત અને અન્ત:પુર પરિવાર સાથે સુદત્ત મહારાજની નજીક દીક્ષિત થઈ ગયા.

ક્ષુલ્લક-યુગલે પણ એકદમ વિરક્ત થઈને ક્ષુલ્લકધર્મ છોડી દીધો અને પોતાના ગુરુ મહારાજ પાસે જિનદીક્ષા લઈ લીધી. આ યુગલે પોતાની આયુના અન્તિમ સમયમાં ચાર પ્રકારના આહારને છોડી પ્રાયોગમન સંન્યાસ લઈ લીધું તથા ત્રણ પહોરની અંદર સમાધિપૂર્વક શરીરને છોડી સ્વયંપ્રભ વિમાનમાં દેવ થઈ ગયા.

આ આશ્ચર્યને જોઈને કેટલાક લોકો મુનિ થઈ ગયા, કેટલાક શ્રાવક બની ગયા અને કેટલાક તટસ્થ રહ્યા ! સુદત મુનિરાજે વિધિવત્ ચાર પ્રકારની આરાધના કરી અને અન્તમાં સ્વર્ગમાં પહોંચ્યા. મારિદત્ત આદિએ પણ ચાર પ્રકારની આરાધનાઓનું આરાધન કર્યું. સમ્યગ્દર્શનથી પવિત્ર થયા તથા પોતાના ભાવો અનુસાર યથાયોગ્ય સ્વર્ગમાં ગયા.

[આ રીતે સંસારમાં જો પ્રાણી અસાવધાન થઈને એક જીવનો પણ વધ કરે છે તે અનેક ભવ સુધી સંસાર પરિભ્રમણ કરતો રહે છે. આ વૈરાગ્યપ્રેરક કથા બહુ જ ટુંકમાં સાર રૂપે આપી છે. આ કથાનો રોમાંચકારી વિસ્તાર જાણવા માટે યશોધર ચરિત્ર ખાસ વાંચવું.]

*(બૃહદ્ કથાકોષ ભાગ-૨માંથી)*

*

[તા. ૧૦-૧૦-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | 'શ્રી સમયસાર' ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમાધિતંત્ર' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન |

**દીપાવલી : મંગળવાર, તા. ૨૦-૧૦-૯૮**

**નૂતનવર્ષ : બુધવાર, તા. ૨૧-૧૦-૯૮**

## મહાવીરનિર્વાણ–પંચાહ્નિક–મહોત્સવ

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૨, શુક્રવાર, તા. ૧૬-૧૦-૯૮થી આસો વદ અમાસ, મંગળવાર, તારીખ ૨૦-૧૦-૯૮ પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

**સુપ્રભાતદિન :** નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, બુધવાર તા. ૨૧-૧૦-૯૮ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મા સમાધિદિન પ્રસંગે સુવર્ણપુરીમાં પાંચ દિવસનો

# * ધાર્મિક કાર્યક્રમ *

[તા. ૬-૧૧-૯૮ થી તા. ૧૦-૧૧-૯૮]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વહાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની અઢારમી પુણ્યસમાધિનો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૫, કારતક વદ ૭, મંગળવાર, તા. ૧૦-૧૧-૯૮ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૬-૧૧-૯૮, શુક્રવારથી તા. ૧૦-૧૧-૯૮ મંગળવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

**વૈરાગ્ય સમાચાર :—**

લાઠી નિવાસી (હાલ-મુંબઈ) શ્રી મનસુખલાલ લાલચંદ મહેતા (વર્ષ-૮૪) તા. ૨૮-૬-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈ નિવાસી શ્રી મંગળાબેન (મંગુબેન) લાભશંકર મહેતા (વર્ષ-૯૨) તા. ૪-૭-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જૂનાગઢ નિવાસી (હાલ-સોનગઢ) શ્રી ધીરજલાલ હરજીવનદાસ રૂપાણી (વર્ષ-૭૮) તા. ૨-૮-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૯ વર્ષથી સોનગઢ સ્થાયી રહેતા હતા.

હિંમતનગર નિવાસી શ્રી ગજીબેન ચુનીલાલ શાહ (વર્ષ-૮૫) તા. ૮-૮-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદ નિવાસી શ્રી કાંતાબેન મીઠાલાલ મહેતા તા. ૧-૯-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગઢડા નિવાસી (હાલ-હૈદ્રાબાદ) શ્રી સવિતાબેન પ્રભુદાસ કામદાર (વર્ષ-૬૭) તા. ૧-૯-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* શ્રોતા :—સાહેબ ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે ?

પૂજ્ય ગુરુદેવ :—એ....આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો ! સંક્ષેપમાં આ દોષ છે. ૧૧૨.

* તું ચૈતન્યમૂર્તિ જાણનાર દેખનાર આનંદકંદમૂર્તિ છો—એમ ભગવાને જોયું છે. તું રાગવાળો છો એમ ભગવાને તને જોયો નથી. પરંતુ હું જાણનાર-દેખનાર છું એમ તેં તને ન જોતાં, પરને જાણતાં તારામાં જે રાગાદિ થાય છે તે સ્વભાવને લઈને થયા નથી કે પરને જાણવાથી થયા નથી તોપણ પર ચીજને જાણવા ઉપરાંત આ ચીજ મને ઠીક પડે છે ને અઠીક પડે છે એવી મિથ્યાભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે. ૧૧૩.

* જે ગુણની જે કાળે જે પર્યાય વિપરીત થવાની તે થવાની છે પણ વિપરીત પર્યાયને હેયરૂપ જાણવી જોઈએ. છોડવા મૂકવાની વાત નથી પણ માન્યતામાં છોડવાની વાત છે. ૧૧૬.

* ભાઈ ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. ૧૧૭.

*

## * હકાર આવવો જોઈએ *

આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવિ નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી, સાંભળીને હા પાડતાં, હકાર આવતાં, અંદર સંસ્કાર પડતા જાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]